

|| NAMO TITTHASSA ||

GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN)
JAINACHARYA SHRIMADVIJAY
YUGBHUSHANSURI
(PANDIT MAHARAJ SAHEB)

વિ.સં. 2077, ભાદરવા સુદ 11
શત્રુંજયાદિ તીર્થ સંરક્ષક, જગદ્ગુરુ
હીરવિજયસૂરિ મહારાજાનો સ્વર્ગગમનદિન
તા. 17-09-2021
બોરિવલી, મુંબઈ
Ref.:202109G-

# સકલ શ્રીસંઘ જોગ નિવેદન

**વિષય – શ્રી શત્રુંજય તીર્થ સંબંધી 19 ઑગષ્ટના રોજ હાઇકોર્ટે આપેલું જજમેન્ટ**
**સમીક્ષાત્મક અને તટસ્થ વિશ્લેષણ ભાગ - 2**

શ્રી શત્રુંજય મહાતીર્થ જૈનોનું મહામહિમાશાળી સર્વશ્રેષ્ઠ તીર્થસ્થાન છે. તેના સંબંધમાં કરાયેલ એક કોર્ટકેસનો ચુકાદો 19 ઑગષ્ટનાં રોજ આવેલ છે. તે કેસમાં તીર્થની વહીવટકાર આણંદજી કલ્યાણજી પેઢીએ કરેલી એફિડેવિટનું તટસ્થ વિશ્લેષણ કરી ભાગ-1 રૂપે શ્રી સંઘ સમક્ષ મૂક્યું હતું. અહીં ભાગ-2માં જજમેન્ટનું તટસ્થ વિશ્લેષણ કરી શ્રીસંઘ સમક્ષ રજૂ કરું છું.

## 2) હાઇકાર્ટે આપેલ જજમેન્ટના જૈન સંઘ માટે ચિંતાજનક તારણો

1) જજમેન્ટના ફકરા નં. 40, 46 અને 51 મુજબ ઇ.સ. 1877માં શત્રુંજય તીર્થ વિષયક બ્રિટિશ સરકારે બહાર પાડેલ પોલિટીકલ ઓર્ડર અને ઇ.સ. 1928માં પેઢી અને પાલિતાણાના ઠાકોર વચ્ચે થયેલ શત્રુંજય તીર્થ બાબતનો કરાર આ બંને દસ્તાવેજોને ફરીથી મજબૂત માન્યતા આપવામાં આવી છે. ફકરા નં. 47 મુજબ તો બંને દસ્તાવેજો બધા પક્ષોને બંધનકર્તા છે તેવો આદેશ આપવામાં આવ્યો છે.

વાસ્તવમાં, ઉપરોક્ત બંને દસ્તાવેજો દ્વારા જૈન સંઘે પરંપરાથી ચાલ્યા આવતા ઢગલાબંધ અગત્યના હક્કો ગુમાવી દીધાં હતાં. તે જ દસ્તાવેજો બધાને બંધન કરનાર છે તેવું ફરીથી કોર્ટ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું. જેના કારણે મહત્ત્વપૂર્ણ હક્કો ગુમાવવાથી થયેલું અતિશય નુકસાન વધુ મજબૂત થયું. આ બાબત જૈન



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



સંઘ માટે ઘણી હાનિકારક સાબિત થઈ શકે છે. જોકે, તે બંને દસ્તાવેજો દ્વારા ચાલ્યા આવતા અમુક ધાર્મિક અધિકારો માન્ય પણ કરાયાં હતાં. છતાં પેઢી દ્વારા તે અધિકારોનો ઠોસ ઉપયોગ કરીને તીર્થ માટે કોઈ વિશેષ લાભદાયક પગલાં લેવાયાં હોય તેવું જણાતું નથી.

અહીં એક ઘટના નોંધનીય છે. વર્ષો પહેલાં પેઢી અને સ્થાનિક દરબાર વચ્ચે અનેક મુદ્દે મોટાં વિવાદો થયાં હતાં. તે વિવાદોનાં સમાધાન માટે બ્રિટીશ સરકારને વચ્ચે લાવી ઇ.સ. 1928માં દરબાર સાથે શિમલા ખાતે કરાર કરવામાં આવ્યો હતો. તેમાં બ્રિટીશ સરકારની દરમ્યાનગીરી, દરબારનો આગ્રહ આદિ અનેક કારણોસર આપણાં તીર્થોને ધરખમ હાનિ થાય તેવી શરતો પેઢી તરફથી સ્વીકારી લેવામાં આવી હતી. છતાં 'સંતોષકારક સમાધાન થઈ ગયું છે' તેવી જાહેરાતો પેઢી તરફથી વહેતી કરાઈ હતી. તે એગ્રીમેન્ટથી જૈન સંઘને થવા સંભવિત ગંભીર નુકસાનોનો અણસાર સુદ્ધાં પેઢી તરફથી અપાયો નહોતો. ઊલટું, આ એગ્રીમેન્ટની પેઢી દ્વારા ગામેગામ વધાઈ કરાવડાવવામાં આવી હતી, જે, પેઢી દ્વારા જૈન સંઘને સાચી માહિતીથી અંધારામાં રાખવામાં આવે છે તેનો ખુલ્લો દાખલો છે.

2) આગળ વધીએ, જજમેન્ટનાં ફકરા નં. 51માં નિર્દેશ કરાયો છે કે, ઇ.સ. 1928ના કરાર મુજબ ગિરિરાજ ઉપર યાત્રાળુઓ આદિના વર્તન અંગે નીતિ-નિયમો બનાવવાનો ઓવર આર્કિંગ અને સુપરવિનિંગ અધિકાર આણંદજી કલ્યાણજી પેઢી પાસે છે.

મતલબ કે લગભગ 93 વર્ષથી તો સંપૂર્ણ ગિરિરાજ ઉપર યાત્રાળુઓ, મુલાકાતીઓ, સ્ટાફ, શ્રમજીવીઓ વગેરે માટે નીતિ-નિયમો બનાવવાની ઓવર આર્કિંગ અને સુપરવિનિંગ સત્તા પેઢી પાસે છે તેવું માન્ય થયું છે.

જોકે આવી સત્તા જૈન સંઘ પાસે પરાપૂર્વથી ચાલી જ આવી છે. પરંતુ 93 વર્ષ પહેલાં બીજાં ઘણાં મહત્ત્વપૂર્ણ અધિકારો દબાવી દેવાયાં છતાં આ અધિકારો અત્યાર સુધી સુરક્ષિત જ રહ્યાં છે. પરંતુ ખેદની વાત એ છે કે, સંપૂર્ણ ગિરિરાજને તો બાજુએ મૂકો, માત્ર ગઢની અંદર પણ પેઢીએ વિગત 93 વર્ષોમાં ઉપરોક્ત નીતિ-નિયમો બનાવવાના અધિકારોનો ઉપયોગ કર્યો હોય તેવું દેખાતું નથી.

જે ગિરિરાજ ઉપર ખુલ્લાં પગે યાત્રા કરવાની શાસ્ત્રાજ્ઞા છે, આપણાં કેટલાંય નાનાં બાળકો પણ સંપૂર્ણ યાત્રા ખુલ્લાં પગે કરતાં હોય છે, બુટ-ચંપલ આદિ પહેરીને જવાથી ગિરિરાજની આશાતના થાય છે તેમ શાસ્ત્રકારો ફરમાવે છે, છતાં પેઢીએ માત્ર ગઢની અંદર પણ ચામડાનાં જોડા જેવી અપવિત્ર વસ્તુઓ માટે પ્રતિબંધ પળાવ્યો નથી. જૈન ધર્મ જે ગિરિરાજ ઉપર કોઈપણ ખાદ્ય પદાર્થ વાપરવો તેને તીર્થની પવિત્રતાની



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



દૃષ્ટિએ અનુચિત ગણાવે છે, વર્તમાનમાં પણ આપણા હજારો આરાધકો કશું જ ખાધા વગર યાત્રા કરતાં હોય છે, છતાં આખો ગિરિરાજ તો છોડો, મંદિરોના ગઢમાં પણ અભક્ષ્યભક્ષણ, પાન-બીડીનો યથેચ્છ ઉપયોગ, જ્યાં-ત્યાં થૂંકવું, સિનેમાનાં ગીતો સાંભળવા અને અન્ય પણ અયોગ્ય પ્રવૃત્તિઓ આપણા જ સ્ટાફ કે ડોળીવાળા આદિ દ્વારા છડે ચોક થઈ રહી છે. તેને પણ મજબૂતાઈથી અટકાવવા માટે પેઢીએ પોતાના અધિકારોનો ઉપયોગ કર્યો હોય તેવું જણાતું નથી.

પવિત્રતા તો સંપૂર્ણ ગિરિરાજ ઉપર જાળવવાની અત્યંત જરૂર છે, પરંતુ મંદિરોનાં ગઢમાં પણ એવી હાલત બનાવી રાખવામાં આવી છે કે, કોઈ અજાણ્યો વ્યક્તિ આ બધું જોઈને આપણને પૂછે કે આ તમારું સર્વશ્રેષ્ઠ મહાતીર્થ ? ત્યારે મોઢું ઊંચું કરીને નજર મેળવવાનાં પણ હોંશકોશ ન રહે. કોઈ સામાન્ય ધર્મસ્થાનકના પરિસરમાં પણ જરાય ન શોભે તેવું હીન વાતાવરણ આપણાં સર્વશ્રેષ્ઠ મહાતીર્થ ઉપર અને પાછું મંદિરોની નગરી ગણાતાં ગઢના પરિસરમાં વર્ષોથી જામીને પડ્યું છે. તે પણ વળી 93 વર્ષથી યાત્રાળુઓ આદિ માટે નીતિ-નિયમો બનાવવાની ઓવરઆર્કિંગ અને સુપરવિનિંગ સત્તા પેઢી પાસે છે તેવું માન્ય થયું હોવા છતાં .... !!!

એકવાર તો એવો વિચાર આવી જાય કે, પેઢી પાસે આવી સત્તા છે, છતાં જો તેનો ઉપયોગ જ ન કરાતો હોય તો કોર્ટે જે અધિકાર ફરીથી પાકો કર્યો તેનો જૈન સંઘને ફાયદો મળશે ખરો ?

3) જજમેન્ટના ફકરા નં. 50, 41, 43 અને 45માં જાહેર કરાયું છે કે કોઈપણ પ્રકારે શત્રુંજય તીર્થ ઉપર અતિક્રમણો કરવા તે પ્રતિબંધિત પ્રવૃત્તિ છે અને તીર્થ ઉપર કોઈપણ નવા બાંધકામ, સમારકામ કરાવવાની સંમતિ આપવાની હોય કે નીતિ-નિયમો બનાવવાં હોય તો તેના અધિકારો પ્રતિનિધિ સંસ્થા તરીકે આણંદજી કલ્યાણજી પેઢીને જ છે. પરંતુ ગિરિરાજ ઉપરના અતિક્રમણોને હટાવવાની જવાબદારી પોલીસની છે.

અર્થાત્ પ્રતિનિધિ સંસ્થા તરીકે ડુંગર ઉપર કોઈપણ બાંધકામ કરાવવા આદિ માટે સંમતિ આપવાના અધિકારો પેઢીને સોંપાયાં છે, પરંતુ કોઈનું પણ અતિક્રમણ હટાવવા માટેના અધિકારો પેઢીને નહીં અપાતાં પોલીસને આપવા દ્વારા રાજ્ય સરકારના રખાયાં છે. અહીં, કોર્ટે અતિક્રમણો બાબતે જે પ્રસ્તુત ઓર્ડર આપ્યો છે, તે સુંદર છે. પરંતુ પ્રશ્ન એ થાય કે તેના દ્વારા જૈન સંઘને લાભ શું થશે ? કેમ કે અત્યાર સુધી પેઢીનું વલણ એવું રહ્યું છે કે 'રાજ્ય પાસેથી ગેરકાયદેસર અતિક્રમણો હટાવડાવવા પ્રાયઃ અશક્ય હોય છે. વળી, આવાં પગલાં લેવામાં સ્થાનિક લોકો સાથે વિરોધમાં ઊતરવાનું આવે છે.' પેઢીની આવી વિચારધારા અને વલણને કારણે પૂરો હક્ક હોવા છતાં પેઢીએ અતિક્રમણો હટાવવા માટે ઠોસ પગલાં લીધાં નથી. અરે ! પરિસ્થિતિ એવી છે કે અતિક્રમણો દૂર થવાની વાત તો જવા દો, આજ દિવસ સુધી લગભગ આંખ આડા કાન કરીને ગિરિરાજ



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



ઉપર અનેક અતિક્રમણો થવા દેવાયાં છે. તેથી ગિરિરાજ ઉપર ધીરે-ધીરે અતિક્રમણો વધી જ રહ્યા છે, છતાં તેના માટે કોઇ વ્યવસ્થિત કાર્યવાહી પેઢી દ્વારા કરાઈ હોય તેવું જણાતું નથી. આ સંજોગોમાં હાઇકોર્ટે આપેલ અતિક્રમણો હટાવવાનો આદેશ જૈનશાસનને લાભદાયી નીવડશે તેવું કહી શકાય તેમ લાગતું નથી અર્થાત્ અતિક્રમણો દૂર કરાવવા માટે પેઢી ઠોસ પગલાં ભરશે તેવી આશાનું કિરણ પણ દેખાઈ રહ્યું નથી.

4) હવે જજમેન્ટના ફકરા નં. 43માં નિર્દેશ આપવામાં આવ્યો છે કે, પર્વત ઉપર સ્થિત મહાદેવ મંદિરનું મેનેજમેન્ટ જૈન શાસ્ત્રોને સંગત થાય તે રીતે કરવું અને ફકરા નં. 44માં એવો નિર્ણય જાહેર કરી દેવામાં આવ્યો છે કે જૈન ધર્મ અને હિંદુ ધર્મની અથવા જૈન ધર્મ અને મુસ્લિમ ધર્મની માન્યતા વચ્ચે કોઇ વિરોધ નથી. માટે જ પ્રાચીન સમયમાં જૈનોનાં પૈસે જૈનોએ અન્ય ધર્મના મંદિરો આદિ પર્વત ઉપર બનાવ્યાં છે.

કેવું અર્થઘટન !!! આપણી જ પેઢીએ સકળ જૈન સંઘનાં નામે પ્રસ્તુત કેસમાં જે બિનજરૂરી સ્ફોટક વિધાનો કરી દીધાં છે, તેનો ઉપયોગ કરીને કેવો ભયજનક ધડાકો કરાયો !!! કોર્ટ જેવા જાહેરક્ષેત્રોમાં કેવી રીતે બોલવું કે લખવું તે બાબતે આંખ ઊઘડી જાય તેવો જબરદસ્ત દાખલો છે.

પેઢી સ્પષ્ટપણે કહી દે કે તીર્થ ઉપર જૈન મંદિરો બંધાયાં ત્યારથી જૈનોએ પોતાનાં ખર્ચે અજૈન મંદિરો બાંધ્યા છે. સાથે જૈનો તે અજૈન મંદિરોમાં પોતાના ખર્ચે વહીવટ કરે છે. પોતાના ખર્ચે પૂજારીઓ રાખે છે. પોતાના ખર્ચે જૈનેતર યાત્રાળુઓને પૂજાની સામગ્રી-સુવિધાઓ આપે છે. વળી બીજી જગ્યાએ કહે છે કે શત્રુંજય મહાતીર્થ ઉપર પણ અજૈન પ્રવૃત્તિઓ કરવામાં અમારે દખલગીરી ન કરવી જોઇએ. પાછું ત્રીજી જગ્યાએ કહે છે કે, જૈન ધર્મ હિંદુઇઝમમાં સમાય છે. પછી શું બાકી રહે ?! ફટાક દઈને અર્થઘટન કરી દેવામાં આવ્યું કે, જો જૈન મંદિરો બન્યાં ત્યારથી જૈનોએ પોતાનાં ખર્ચે હિંદુ મંદિરો કે મુસ્લિમ દરગાહ બંધાવ્યાં છે, તો તે ધર્મોની માન્યતા વચ્ચે કોઇ વિરોધ નહીં હોય !

હવે જજમેન્ટમાં કહેવાયેલ આ વાતની અસર શું થશે ? જૈન ધર્મની માન્યતાને હિંદુ (વૈદિક) ધર્મ અને મુસ્લિમ ધર્મની માન્યતા સાથે પરસ્પર બાધ નથી એટલે જૈન ધર્મના તીર્થોમાં હિંદુ કે મુસ્લિમ ધર્મને જ માન્ય એવી પ્રવૃત્તિઓ પણ કરી શકાય !! તેમાં જૈન ધર્મની કોઈ પરંપરા કે સિદ્ધાંત તૂટતાં નથી. તેથી ભલે આપણો અધિકાર જૈન શાસ્ત્રોને સંગત થાય તે રીતે અજૈન મંદિરોમાં પૂજા-પાઠ કરાવવાનો હોય, પરંતુ તે અધિકારોનો કોઈ ઉપયોગ રહેતો નથી. કેમ કે બંને માન્યતા વચ્ચે કોઈ વિરોધ નથી. હજુ આ નિર્ણયનું એવું પણ અર્થઘટન થઈ શકશે કે જૈન તીર્થોમાં વૈદિક ધર્મ કે મુસ્લિમ ધર્મની પ્રવૃત્તિઓ કરવામાં જૈન ધર્મને બાધ



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



નથી. એટલે જૈન તીર્થોમાં જો કોઇ હિંદુ (વૈદિક) ધર્મ કે મુસ્લિમ ધર્મની પ્રવૃત્તિ કરે તો તેને જૈન ધર્મની રુએ અટકાવવાનો કોઇને અધિકાર નથી !!

ભગવાનને બે હાથ જોડીને પ્રાર્થના કરીએ કે કોઇ આવો ભયંકર અર્થ ન કરે, અહીં અમે દેખાડેલી અર્થઘટનની શક્યતાઓ સાકાર ન થાય, પરંતુ સવાસો મણનો પ્રશ્ન એ છે કે જો પેઢીનાં વિધાનોથી પ્રેરાઇને લખાયેલાં જજમેન્ટનાં વાક્યોનો આવો અર્થ કરાશે તો તેને ભાવિમાં કાયદાકીય રીતે આપણે અટકાવી શકીશું ખરા ?

બીજું, જે નીલકંઠ મહાદેવ મંદિરનો વહીવટ જૈન શાસ્ત્રોની મર્યાદા પ્રમાણે કરવો, તેવું ઓર્ડરમાં નોંધાયું છે, તેનું અર્થઘટન કોઇ એવું પણ કરી શકશે કે અજૈન ધર્મસ્થાનકના વહીવટને જૈનશાસ્ત્રોથી વિરોધ જ હોય તેવું નથી. જૈન શાસ્ત્રોની મર્યાદા મુજબ પણ અજૈન ધર્મસ્થાનકનો વહીવટ થઇ શકે છે. આવું તારણ જો નીકળે તો તે જૈન ધર્મની મર્યાદા મુજબનું કહી શકાશે ખરું ? તે પણ ગંભીરતાથી વિચારણા માંગે છે.

વળી, આ મુદ્દે એક એવી અપેક્ષા રહે કે, મહાશિવરાત્રિના પ્રસંગે ગિરિરાજ ઉપર અજૈનોના રાત્રિરોકાણને અટકાવવા પેઢીએ જેમ પ્રયત્નો કર્યાં હતાં, તેવી રીતે જૈન શાસ્ત્રો મુજબના અન્ય નીતિ-નિયમોનું પાલન પણ ગિરિરાજ ઉપર પેઢી કરાવતી રહેશે, પોતાના અધિકારોનો સદુપયોગ કરતી રહેશે તો અન્ય ધર્મસ્થાનકોમાં થતી કાર્યવાહીઓમાં જૈન શાસ્ત્રો સાથેની અસંગતિ થોડી ઓછી થશે.

5) જજમેન્ટના ફકરા નં. 23માં નિરૂપણ કરાયું છે કે ‘શત્રુંજય ઉપર વર્તમાનમાં સૌથી પ્રાચીન મંદિર 900 વર્ષ જૂનું છે અને મોટા ભાગના મંદિરો 16મી સદીનાં છે.’ ત્યાં સાથે તે પણ કહેવાયું છે કે, આ તીર્થ ઉપર ભરત ચક્રવર્તીએ સૌ પ્રથમ જિનમંદિરો નિર્માણ કરાવ્યાં હતાં.

આ આખી પ્રસ્તુતિ એવી છે કે, તેમાંથી ભ્રામક અર્થઘટન થઇ શકે. 900 વર્ષ પહેલાં અહીં જિનમંદિરો નહોતાં એવું માનવાની ભૂલ કોઇ કરી શકે. વાસ્તવમાં ભગવાન આદિનાથના સમયથી આ પર્વત ઉપર સતત જિનમંદિરો રહ્યાં જ છે. જીર્ણ થઇ ગયા હોય તો તેની મરામત અથવા તો આમૂલચૂલ જીર્ણોદ્ધાર થયાં છે. આક્રમકોએ ધ્વંસ કર્યો હોય તો તેનાં પુનર્નિર્માણ થયાં છે, પરંતુ સતત એકધારાં જિનમંદિરો રહ્યાં જ છે. તે જૈનશાસ્ત્રો અને પરંપરા મુજબ પાકી માન્યતા છે. દાદાનું જિનમંદિર સૌ પ્રથમ ભરત ચક્રવર્તી નિર્મિત છે. ત્યારબાદ આ મહાતીર્થ ઉપર 16 ઉદ્ધારો થયાના ઉલ્લેખો મળે છે. વર્તમાનમાં જે મૂળનાયકનું જિનમંદિર છે તે ઉદયન મંત્રીના સુપુત્ર બાહડ મંત્રી દ્વારા નિર્માણ કરાયાનું કહેવાય છે. બાકી એક વાસ્તવિકતા દરેકે ધ્યાનમાં



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



રાખવા જેવી છે કે, અત્યારે પણ ગિરિરાજ ઉપર સંપ્રતિ મહારાજાનું દેરાસર છે, જેના નિર્માતાનો સત્તાકાળ લગભગ 2300 વર્ષ પૂર્વનો છે.

6) અન્ય એક મુદ્દો પણ વિચારણા માંગે છે. જજમેન્ટના ફકરા નં. 28માં એવું વર્ણવાયું છે કે અકબરે આપેલા ફરમાન દ્વારા હીરવિજયસૂરિ મહારાજાને શત્રુંજય આદિ પર્વતો અપાયાં હતાં. અહીં ‘અપાયાં’ શબ્દ ચર્ચાપાત્ર છે.

અકબરના ફરમાનના કોર્ટ માન્ય અંગ્રેજી અનુવાદને આધારે સંબંધિત શબ્દો વાંચીએ.

‘..... તથા તપાસ કર્યા પછી અમને જાણવા મળ્યું.... તે પર્વતો અને ઉપાસનાસ્થળો જૈન શ્વેતાંબરોનાં છે.... અમારી સલ્તનતમાં અને રાજ્યમાં ગમે ત્યાં હોય એવા શ્વેતાંબરી જૈનોનાં તીર્થસ્થાનો અને ઉપાસનાસ્થળો અમે જૈન શ્વેતાંબર પંથના હીરવિજયસૂરિના સ્વીકારીએ છીએ અને આના વડે સમ્માનિત કરીએ છીએ.... એક વાત સ્પષ્ટ થવી જોઈએ કે આટલાં જૈન શ્વેતાંબર પર્વતો, તીર્થસ્થાનો અને ઉપાસનાસ્થળો હીરવિજયસૂરિને અપાયાં છે અર્થાત્ વાસ્તવમાં તો તે બધાં જૈન શ્વેતાંબર પંથનાં છે....’

વ્યવહારમાં, અપાયાં શબ્દનો પ્રચલિત અર્થ ‘પહેલાં નહોતાં અને હવે અપાયાં’ તેવો થાય છે, પરંતુ તેવો અર્થ તો ફરમાન જ નકારી કાઢે છે. કેમ કે પહેલાં જ લખ્યું છે – ‘તપાસ કર્યા પછી અમને જાણવા મળ્યું... તે પર્વતો આદિ જૈન શ્વેતાંબરોના છે.’ અર્થાત્ તે પર્વતો આદિ ફરમાન આપતાં પહેલાં જ જૈન શ્વેતાંબરોનાં હતાં. વળી, છેલ્લે સ્પષ્ટીકરણ પણ કરે છે કે અપાયાં એટલે ખરેખર તો તે બધાં જૈન શ્વેતાંબર પંથનાં છે. ફરમાનના શબ્દો એટલાં બધાં સાફ છે કે જેમાં વિશેષ સ્પષ્ટીકરણની આવશ્યકતા નથી. ભલામણ એટલી જ છે કે, આગળ-પાછળના સંદર્ભ વગર ‘અપાયા’ શબ્દ ભ્રમ ઊભો કરનાર બને છે. તેનો ફરમાનના સ્પષ્ટીકરણ સાથે જ અર્થ કરવો જરૂરી છે.

7) હવે આપણે એક એવા મુદ્દાની મુલાકાત લઈશું કે જે છે નાનો, પરંતુ પેઢીની ઉપેક્ષા અને તેમાંથી કાઢવામાં આવેલા ભાવાર્થે તે મુદ્દાને ગંભીર બનાવી દીધો છે.

સદર જજમેન્ટના ફકરા નં. 49માં શત્રુંજય તીર્થ વિષયક ભાવનગર જિલ્લા કલેક્ટરનું જાહેર નોટિફીકેશન ગુજરાત સરકારે સબમિટ કરેલા દસ્તાવેજરૂપે મૂકવામાં આવ્યું છે. જે મૂકવાના ઉદ્દેશ્ય કરતાં તેને હાઇકોર્ટે ઉદ્ધૃત કર્યું છે, તે તેનું મહત્ત્વ વધારનાર છે. તેમાં સૌ પ્રથમ કલેક્ટરે જણાવ્યું છે કે, ‘શાશ્વત ગિરિરાજ તે પવિત્ર યાત્રાધામ છે.’ અહીં વિટંબણા એ છે કે કયા ધર્મનું યાત્રાધામ છે તેની કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આપણને એમ લાગે કે, ‘ઠીક હવે, એમાં ક્યાં પીંજણ કરવી ? સમજી જ લેવાનું કે જૈનોનું યાત્રાધામ હોય.’



હવે આગળ વાંચો. તે જ નોટિફિકેશનમાં તરત બીજા વાક્યમાં જણાવે છે કે, ‘તેમાં જૈન, હિન્દુ, મુસ્લિમ વગેરેના ધાર્મિક સ્થળો આવેલાં છે.’ હવે ઉપરોક્ત બંને વાક્યોનો ભેગો અર્થ કરો, તો શું અર્થ નીકળી શકે ? કે ગિરિરાજ તો એક યાત્રાધામ જ છે. તેની ઉપર ત્રણે ધર્મના ધાર્મિક સ્થળો આવેલાં છે. માટે તે ત્રણે ધર્મોનું યાત્રાધામ છે !! કોઈને એમ લાગે કે, આ તો બહુ ખેંચી-તાણીને અર્થ કરાય છે, પરંતુ કોઈ આવો અર્થ કરે, તો કાયદાકીય રીતે ખોટો કહી શકાશે ખરો ?

એકબાજુ તમે કોનું યાત્રાધામ છે તેનો ફોડ પાડયો નથી અને બીજી બાજુ ત્રણે ધર્મના ધાર્મિક સ્થળોને એક જ શ્રેણિમાં લખી દીધાં છે, તો પછી ત્રણે ધર્મોનું યાત્રાધામ કેમ ન થઈ શકે ? જો એમ લખાયું હોત કે ગિરિરાજ ઉપર મુખ્યતયા જૈનોના ધાર્મિક સ્થળો છે, સાથે હિંદુ અને મુસ્લિમના પણ છે, તો કાંઈક બચાવ થવાની શક્યતા રહેત ! (કાંઈક એટલા માટે કે આવા વિધાનમાંથી એવો અર્થ પણ થાય કે, મુખ્યતયા જૈનોનું યાત્રાધામ છે, સાથે-સાથે હિંદુ અને મુસ્લિમ ધર્મનું પણ યાત્રાધામ છે. આવો અર્થ નીકળે જ નહીં તેના માટે તો સંપૂર્ણ ગિરિરાજ કોનું યાત્રાધામ છે તે સ્પષ્ટ રીતે લખાવું જ જોઈએ.) તે જાહેરનામામાં શબ્દો ભલે જૈન ધર્મ અનુસાર વાપર્યા હોય, પરંતુ ગિરિરાજ ઉપર ત્રણે ધર્મના ધાર્મિક સ્થળો આવ્યા હોવા છતાં ગિરિરાજ ત્રણે ધર્મનું યાત્રાધામ નથી તેવો અર્થ તો ઉપરોક્ત બંને વિધાનોમાંથી નીકળવો જોઈએ ને ?

કોઈને એમ લાગશે કે શું હવે, કોઈ આવી ખેંચતાણ ન કરે ! તો જુઓ હાઇકોર્ટે જ કરાવેલો અંગ્રેજી અનુવાદ, જે ફકરા નં. 49માં જ નોંધાયેલો છે. તેનો અર્થ ગુજરાતીમાં જોઈએ – ‘શાશ્વત મહાતીર્થ ગિરિરાજ તે પાલિતાણાનું પવિત્ર સ્થળ છે. તે પવિત્ર સ્થળ ઉપર જૈન, હિંદુ, મુસ્લિમ અને અન્યોના યાત્રાધામો આવેલાં છે.’

આપણને એમ થાય કે, આ તીર્થમાં ત્રણેનું યાત્રાધામ છે તેવી ખેંચતાણ આ નોટિફિકેશનમાંથી કોણ કરશે? પરંતુ તેવો અર્થ હાઇકોર્ટે જ ઓથેન્ટિક રૂપે કરી આપ્યો. જે સમજે તેનાં મોતિયાં મરી જાય તેવો જબરો અનર્થ થઈ શકે ! અહીં પેઢીની ઉપેક્ષાને સાથે જોડવાનું કારણ પણ એ જ છે કે કલેક્ટરે ઇ.સ. 2017માં જાહેરનામું બહાર પાડ્યું તે વાંચીને તરત જ જો તીર્થની વહીવટદાર પેઢીએ તેનો ખુલાસો બહાર પાડી નોટિફિકેશન સુધરાવી દીધું હોત તો આવી સમસ્યા જ ઊભી ન થાત ! પણ આવી ઝીણી લમણાઝીંક કોણ કરે?

જો કાયદાકીય લેવલ ઉપર એકવાર રજિસ્ટર થઈ ગયું કે આ ત્રણે ધર્મોનું યાત્રાધામ છે, પછી તેની સાથે બીજા પુરાવાઓ પણ જોડાવા માંડે. ‘આટલા વર્ષથી આટલા અન્ય ધર્મના યાત્રાળુઓ આવે છે.’ ‘આટલા સમયથી ત્યાં આવી આવી પ્રવૃત્તિઓ થાય છે.’ પછી ‘શત્રુંજય એ માત્ર જૈનોનું યાત્રાધામ છે. અન્ય ધાર્મિક



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



સ્થળો તે જૈન સંઘની માલિકીના છે. બાકી તે યાત્રાધામ તરીકે જાહેર સ્થળો નથી.' આવું સ્થાપિત કરવું દુઃશક્ય થઈ જાય. અને જો આવું સ્થાપિત ન થાય તો ગિરિરાજ ઉપર અન્ય ધર્મોની પ્રવૃત્તિઓ ખુલ્લેઆમ થઈ શકે. તેને અટકાવવાનો અધિકાર 'આ ગિરિરાજના કણેકણ પવિત્ર છે. અહીં અનંતા સાધકો સિદ્ધિગતિને પામ્યાં છે. અહીં આવી પ્રવૃત્તિ ન કરાય.' તેવા વિધાનોથી પણ ન રહી શકે. ત્યારે તો 'આ ત્રણે ધર્મોનું યાત્રાધામ છે. માટે ત્રણે ધર્મો પોતપોતાની રીતે પ્રવૃત્તિ કરી જ શકે.' તેવો દાવો કેમ કરીને અટકાવવો તે મોટી સમસ્યા થઈ પડે.

કોઈને પ્રશ્ન થશે કે, એક કલેક્ટરે એક લાઇનમાં જરાક અલગ લખી દીધું, તેને આટલો બધો ભાર શું આપવાનો ? બરાબર છે, આપણે જરાય ભાર આપવા જેવો જ નથી, પરંતુ બીજો કોઈ તેને ભાર આપી દેશે ત્યારે શું થશે, તેની ચર્ચા ચાલે છે.

વાસ્તવમાં કલેક્ટર એટલે અધિકૃત રાજ્યાધિકારી જ છે. તેના નામે બહાર પડેલો આદેશ એટલે સરકારી આદેશ જ ગણાય. તેમાં પણ હાઇકોર્ટે તેની નોંધ લીધી એટલે વધારે મજબૂત થયેલ ગણાય. વળી, આની સામે પેઢી તરફથી કોઈ ખુલાસો પણ અધિકૃત રીતે બહાર પડ્યો ન હોય તો હજુ વધારે મજબૂત ગણાય.

બીજું, આ જજમેન્ટનો સંદર્ભ લઈને જ્યારે અન્ય કાયદાકીય ગતિવિધિઓ થશે, ત્યારે પ્રાયઃ કરીને હાઇકોર્ટે કરાવેલો અંગ્રેજી અનુવાદ જ ગ્રહણ કરાશે. લગભગ ગુજરાતીનો રેફરન્સ લેવાશે નહીં અને અંગ્રેજીમાં તો સ્પષ્ટ ભાષામાં લખાયું હોવાથી સ્પષ્ટ રીતે અનર્થ થવાની પૂરી સંભાવના છે.

ત્રીજું, આજથી 400 વર્ષ પહેલાં ગિરિરાજના સર્વાધિકારો શ્રીસંઘ પાસે સુરક્ષિત હતાં, પરંતુ ધીરે ધીરે તેમાંથી જે દબાવાતાં ગયાં, નબળાં પડતાં ગયાં તેમાં ઘણો ભાગ શબ્દોની કાયદાકીય ઉથલપાથલોએ ભજવ્યો છે. તેવાં દાખલાં તો બીજા તીર્થોના ઇતિહાસમાં પણ મળે છે, પરંતુ પાલિતાણાનો જ થોડા વર્ષો જૂનો ઇતિહાસ જુઓ, પહેલાં ગારિયાધારના દરબારો જે પાલિતાણા આવીને વસ્યા હતા તેમને ગિરિરાજના રક્ષક તરીકે જૈન સંઘે નીમ્યાં હતાં. તેમાંથી ધીરે-ધીરે તેઓ ઠાકોર બની ગયાં અને ધીરે-ધીરે ગિરિરાજના રક્ષકમાંથી માલિક પણ બની બેઠાં. શેનાં આધારે ? કાંઈ યુદ્ધો લડીને નહીં, પરંતુ દસ્તાવેજો અને તેના શબ્દોની રણનીતિઓ દ્વારા જ !! તેવી રીતે પ્રસ્તુતમાં શત્રુંજય ગિરિરાજ જૈનોનાં સર્વશ્રેષ્ઠ મહાતીર્થમાંથી 'યાત્રાધામ' ઉપર આવ્યો અને હળવેક રહીને જૈનો, હિંદુ, મુસ્લિમ અને અન્યોના પણ યાત્રાધામ તરીકે કહેવાયો છે. હજી તેનાથી નીચે જવાનું આવે તે પહેલાં સવેળા ચેતીને ગિરિરાજની ગરિમા પૂર્ણપણે જૈનોના સર્વશ્રેષ્ઠ મહાતીર્થ તરીકે સ્થાપિત કરીએ. બાકી એટલું સમજી રાખવું જરૂરી છે કે ઘણી ભયંકર તારાજીઓનો પ્રારંભ નગણ્ય ગણાતી ખામીઓથી થતો હોય છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



એક સ્પષ્ટીકરણ કરી લઉં. આ મુદ્દે જરા લંબાણથી વિવેચન એટલા માટે કર્યું કે, કાયદાકીય ક્ષેત્રે નાની ઉપેક્ષા કેટલું નુકસાન નોતરી શકે છે તેનો અંદાજ આવે. બાકી કલેક્ટરનું નોટિફિકેશન કોઇ કાયદા જેટલું મહત્ત્વપૂર્ણ છે અને હવે કોર્ટો દ્વારા અન્યોના યાત્રાધામ તરીકે ગિરિરાજને સ્થાપિત કરી દેવામાં આવ્યો છે તેવો ભાવાર્થ નથી અને તેવું છે પણ નહીં. સારાંશ એટલો છે કે, મોટી હાનિથી તીર્થો આદિને બચાવવા હોય તો નાની નાની કાળજીઓ ચૂકી જવાનું પાલવે તેમ નથી.

8) જજમેન્ટના ફકરા નં. 43માં નિશ્ચિત કરાયું છે કે, નીલકંઠ મહાદેવ મંદિરના પૂજારીની નિમણૂંક પેઢીની સલાહ લઇને રાજ્ય સરકાર કરશે. આમ તો આ વાતમાં કાંઇ નવાઇ નથી, પરંતુ જો થોડા ઊંડા ઊતરીશું તો પેઢીની કાર્યપદ્ધતિ માટે ઘણું આશ્ચર્ય થશે.

સૌ પ્રથમ ઇ.સ. 1928માં દરબાર સાથે કરાયેલા કરારમાં મહાદેવ મંદિરના પૂજારીની નિમણૂંક બાબતે કોઈ જ સ્પષ્ટતા કરાઈ નથી.

ત્યારબાદ ઇ.સ.1965થી મહાદેવ મંદિરના પૂજા-પાઠ બાબતે બયાન આપતાં પેઢી પોતાની એફિડેવિટના ફકરા નં. 18માં જણાવે છે કે, 1965થી તો મહાદેવ મંદિરનું ધ્યાન રાખનાર કોઇ નહોતું જ. ત્યારથી પેઢી હિંદુ રીતિ-રિવાજો મુજબ પોતાના કર્મચારી દ્વારા સાર-સંભાળ-સંચાલન કરતી હતી.

ત્યારબાદ ઇ.સ. 2016માં પાલિતાણાના ડેપ્યુટી કલેક્ટર દ્વારા લખાયેલ એક પત્રની નોંધ જજમેન્ટના ફકરા નં. 33માં કરાઈ છે. તેમાં ડેપ્યુટી કલેક્ટર કહે છે કે '...સરકારશ્રીના કોઈ પરિપત્રોથી શ્રી નીલકંઠ મહાદેવ મંદિરના પૂજારીની નિમણૂંક કરવાની સત્તા અત્રેને હોવાની જોગવાઈ કરવામાં આવેલ ન હોય, આપની સંદર્ભ અરજી હાલ દફતરે કરવામાં આવે છે...'

ઇ.સ. 2017માં ડેપ્યુટી કલેક્ટર દ્વારા જ લખાયેલ બીજા એક પત્રમાં તેઓ લખે છે કે '... કલેક્ટર કચેરી, ભાવનગરના સંદર્ભ(2)ના પત્ર મુજબ કલેક્ટર કચેરી હેઠળ જે દેવસ્થાનોનો વહીવટ કરવામાં આવે છે તેમાં શત્રુંજય પર્વત પર આવેલ મહાદેવ મંદિરનો સમાવેશ થતો નથી...' આ પત્ર પણ જજમેન્ટના ફકરા નં. 33માં જ ઉદ્ધૃત કરાયો છે.

સરકારનો મહાદેવ મંદિરના વહીવટ અને પૂજારીની નિમણૂંક બાબતે ઉપરોક્ત સ્પષ્ટ નિર્દેશ અને અન્ય આધારો ધ્યાનમાં રાખીને પેઢીએ હાઇકોર્ટમાં એવી રજૂઆત કરવી જોઇએ કે 'મહાદેવ મંદિરના વહીવટી અધિકારો કોની પાસે છે તે અસ્પષ્ટ હોવા છતાં વર્ષોથી અમે વહીવટ કરીએ છીએ. તેથી કોર્ટે સ્પષ્ટપણે નિર્ણીત કરવાની જરૂર છે કે મહાદેવ મંદિરનો વહીવટ જૈનો જ કરે.' તેને બદલે હાઇકોર્ટમાં મૌખિકરૂપે પેઢી એમ કહી



રહી છે કે ‘મહાદેવ મંદિરનું મેનેજમેન્ટ સ્ટેટ દ્વારા થવું જોઈએ અને સ્ટેટ પૂજારીને પણ એપોઇન્ટ કરે.’ (આ વાત જજમેન્ટના ફકરા નં. 11માં નોંધાયેલી છે.)

ઉપરોક્ત વહીવટી અધિકાર આપણા હાથમાં રહે તેવી શક્યતા હોવા છતાં પેઢીના આવા નિવેદનને આધારે હાઇકોર્ટે પણ પૂજારીની નિમણૂંકનો અધિકાર સ્ટેટને છે તેવો નિર્ણય આપી દીધો. આ અધિકારમાં પેઢીનો રોલ માત્ર સલાહ આપવા સુધીનો જ મંજૂર કરાયો છે. તેમાં પણ વિચિત્રતા એવી છે કે પૂજારી નીમવાનો અધિકાર સ્ટેટના હાથમાં ગયો હોવા છતાં વહીવટી ખર્ચા તો પેઢીના માથે જ રહ્યાં છે. હવે ક્યારેક સરકારે જે નિમણૂંક કરી તે આપણી મર્યાદાઓને અનુરૂપ ન હોય તો તેને નામંજૂર કરવાનો અધિકાર પેઢી પાસે નથી. આવી પરિસ્થિતિમાં સરકારી નિમણૂંક ચઢશે કે પેઢીની સલાહ તે સંદિગ્ધ જ છે. આ કશ્મકશમાં આપણા મહાતીર્થની મર્યાદાઓ સાથે વધુ બાંધછોડ કરવાનો જ વિકલ્પ બાકી નહીં રહી જાય ને ? તે સમસ્યાનો પણ ઉકેલ સ્પષ્ટ નથી.

એક નાનકડા વહીવટી મુદ્દા માટે અણધારી રીતે સ્ટેટમેન્ટ આપી દેવાની પદ્ધતિને કારણે નાનું કે મોટું નુકસાન પહોંચશે તો તીર્થને જ ! જોકે આપણા મહાતીર્થમાં, જ્યાં જૈન સંઘનો જ સર્વાધિકાર હોય, ત્યાં સ્ટેટનો અધિકાર ઊભો થઈ જવો, તેમાં પણ સ્ટેટની મનાઈ હોવા છતાં આપણે જ સામે ચાલીને સમર્પિત કરી દેવો તેને નાનું નુકસાન કેવી રીતે કહેવું તે એક પ્રશ્ન જ છે. છતાં જ્યારે અણઉકલી ગૂંચ વધારે ગૂંચવાશે ત્યારે કોર્ટની દોડધામ આપણા ભાગે આવશે, તેનો પુખ્ત વિચાર વિધાન કરતી વખતે કરાયો હોય તેવું દેખાતું નથી.

9) હવે છેલ્લો મુદ્દો છે, પ્રસ્તુત જજમેન્ટ દ્વારા જે લાભો મળવાની સંભાવના હતી તેનો. થોડા સમય પહેલાં તીર્થરક્ષાના મુદ્દે પેઢીના અનેક ટ્રસ્ટીઓ અને વકીલો સાથે મારી મીટિંગ થઈ હતી. તેમાં શત્રુંજય મહાતીર્થની મજબૂત સુરક્ષા માટે કેવાં પગલાં લેવાં જોઇએ, તેની વિચારણા થઈ હતી. તે વખતે મેં પેઢીના ટ્રસ્ટીઓ અને વકીલોને ભારપૂર્વક સૂચન કર્યું હતું કે શાસ્ત્રોના આધારપૂર્વક સિદ્ધગિરિરાજ માટેના જૈન ધર્મ મુજબ ચાર વિશેષણો કોર્ટમાં સુનિશ્ચિત કરાવવાની જરૂર છે.

અ) ઓબ્જેક્ટ ઑફ વર્શીપ એન્ડ એડોરેશન (પૂજનીય અને ભક્તિપાત્ર તત્ત્વ).

બ) ટોપમોસ્ટ સિગ્નિફિકન્ટ પ્લેસ ઑફ જૈન્સ (જૈનોનું સર્વોચ્ચ મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર).

ક) એસેન્શિયલ એન્ડ ઇન્ટિગ્રલ પાર્ટ ઑફ જૈનિઝમ (જૈનધર્મનું અનિવાર્ય અને અવિભાજ્ય અંગ).

ડ) પ્લેસ ઓફ વર્શિપ ઑફ જૈન્સ (જૈનોનું પૂજા-ઉપાસનાનું સ્થળ).



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**



આ ચારે વિશેષણો જો કોર્ટમાં પ્રસ્થાપિત થઈ જાય તો સિદ્ધગિરિરાજની સુરક્ષામાં ઘણી સરળતા રહે. વળી, આ ચારે વિશેષણો સિદ્ધ કરવા માટે આપણા શાસ્ત્રોમાં સ્વતંત્ર આધારો ઉપલબ્ધ છે. તેથી કોર્ટમાં મજબૂત રજૂઆત દ્વારા સ્થાપિત કરવું પણ સુશક્ય છે.

પરંતુ દુઃખદ વાત છે કે પ્રસ્તુત કેસમાં પેઢીએ કરેલી એફિડેવિટમાં આ ચાર મુદ્દાઓને શાસ્ત્રાધારો સહિત પદ્ધતિસર સ્થાપિત કરવા રજૂઆત થઈ હોય તેવું દેખાતું નથી અને તેને કારણે જજમેન્ટમાં પણ આ ચારે વિશેષણોનું વ્યવસ્થિત પ્રસ્થાપન આપણને મળ્યું નથી. જે જૈનશાસન માટે અનુકૂળ સંયોગો હોવા છતાં હજુ પણ અગત્યના લાભોથી વંચિત રાખનારું બન્યું છે. ભવિષ્ય માટે આશા રાખીએ કે, જલ્દીમાં જલ્દી તેવા પ્રકારનો લાભકારી નિર્ણય પેઢી કરાવી લાવે.

અહીં જજમેન્ટ સંબંધિત વિચારયોગ્ય મુદ્દાઓ ઉપર વિચાર કર્યો છે. શ્રીસંઘમાં આ બાબતોની સાચી સમજણ ફેલાય તેવી શુભભાવના.

અહીં એક ખુલાસો દરેક વાચકે ધ્યાનમાં રાખવો જરૂરી છે. પ્રસ્તુત તટસ્થ વિશ્લેષણના પહેલા અને બીજા વિભાગમાં જે મુદ્દાઓ જણાવાયા છે તેમાં કોઈ પણ ધર્મ પ્રત્યે દ્વેષ કે ઈર્ષ્યાથી પ્રેરાઈને કશું લખાયું નથી. માત્ર, દરેક ધર્મોના પ્રમુખ સ્થાનોમાં તેઓના તે તે અધિકારો યોગ્ય રીતે સુરક્ષિત રહેવાં જોઈએ. તેમાં ભેળસેળ થવાથી ભવિષ્યમાં કારણ વિના જટિલ પ્રશ્નો ઊભા થઈ જતા હોય છે. તે ન થાય તેવા નિર્મળ આશયથી જ નિરૂપણ કરાયું છે.

હવે પ્રસ્તુત જજમેન્ટમાં મૂકાયેલી ઐતિહાસિક વિગતોની સમીક્ષા અને તેમાંથી ધ્વનિત થતા શ્રીસંઘના પ્રતિનિધિત્વ સંબંધી માળખાની વિચારણા ભાગ-3માં યથાશીઘ્ર પ્રગટ કરવા પ્રયત્ન કરીશું.

**(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)**

**Note: I, Gacchadhipati of Mohjit Samuday Chaturvidh Sangh, on behalf of our Sangh, by virtue of my declaration dated 17th December 2020, do make aware to Sangh that the 1877 Resolution and 1928 Agreement which were instrumental in damaging the rights of Jain community, formed the base for this Neelkanth Mahadev Temple case Judgment. Therefore, we have held this Judgment under consideration for indefinite period and advise that entire Sangh should seriously think over it.**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, India
**Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in**